ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમારાથી... બહેનોને ન કહેવાય... અમારી ફરજ છે... દેશની ગરીમા જાળવવી, એટલે સંપૂર્ણ શરીર ઢાંકાય એવા ફેરફાર અમે કરી લીધો...!!

# દહેગામની પુર્ણિમા હાઈસ્કુલમાં વિદ્યાર્થી પાસેથી સાહિત્ય પકડાયુ

## સી સી ટીવી કેમેરાના આધારે વિદ્યાર્થી કોપી કરતો ઝડપાયો વધુ એક કોપી કેસ નોંધાયો

ગાંધીનગર તા ૧૪

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષામાં આજે વધુ એક કોપી કેસ નોંધાયો હતો. દહેગામની પુર્ણિમા હાઈસ્કુલમાં સી સી ફુટેજના આધારે એક વિદ્યાર્થી કોપી કરતો ઝડપાયો હતો. બોર્ડ દ્વારા વિદ્યાથી સામે કોપી કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધોરણ-૧૦માં અત્યારસુધી ૬ કોપી કેસ નોંધાયા છે.

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષા દરમિયાન જિલ્લામાં અત્યારસુધી ૬ જેટલા કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરિક્ષાખંડોમાં સી સી ટી વી કેમેરા ગોઠવી દેવાયા છે. જયારે આ ઉપરાંત સ્કોવોર્ડની ટીમ પણ પરિક્ષા કેન્દ્રોના રાઉન્ડ લે છે. આજે ધોરણ -૧૦માં સમાજવિજ્ઞાન વિષયની પરિક્ષા હતી. આ દરમિયાન દહેગામની પુર્ણિમા હાઈસ્કુલમાં સી સી ટી વી કેમેરાની મદદથી એક વિદ્યાર્થીને કોપી કરતો ઝડપી લેવામાં આવ્યો હતો. સી સી ટીવી કેમેરાના સ્ક્રીનીંગ દરમિયાન વિદ્યાર્થી ચોરી કરતો ઝડપાયો હતો. બોર્ડ દ્વારા વિદ્યાર્થી પાસેથી સાહીત્ય કબજે લઈ ગેરરીતીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સરઢવ, કલોલ તેમજ દહેગામ સહીતના વિસ્તારોમાં કોપી કેસ દાખલ થયા છે. ધોરણ -૧૦ની પરિક્ષામાં અત્યારસુધી ૬ જેટલા કોપી કેસ દાખલ કરવામાં આવ્યા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

# પ્રભુપુરા ગામની સીમમાંથી ત્રણ જુગારીયાઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

ડભોડાના પ્રભુપુરા ગામની સીમમાં બાતમીના આધારે ડભોડા પોલીસે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ત્રણ જુગારીઓને ઝડપી પાડયા હતા અને કુલ રૂ. ૧૩૯.૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડભોડા પોલીસ મથકની હદમાં આવેલ પ્રભુપુરા ગામની સીમમાં કેટલાક જુગારીયાઓ ખુલ્લા ખેતરમાં જુગારની બાજી માંડી બેઠા હોવાની બાતમી વલાદ આઉટ પોસ્ટના જમાદાર મહેન્દ્રસિંહને મળી હતી. જે બાતમીના આધારે ડભોડા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને જુગાર રમતા સંજય રમેશ ઠાકોર (રહે.ટીંટોડા) ગોપાલ મણાજી ઠાકોર (રહે.મોટી આદરજ) અને નાગજી રમણજી ઠાકોર (રહે. ટીંટોડા)ને ઝડપી પાડયા હતા. પોલીસે જુગાર સ્થળ પરથી રૂ. ૧૦,૪૮૦ રોકડ રકમ અને રૂ. ૩૫૦૦ની કિંમતના ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૧૩૯૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ડભોડા પોલીસે ત્રણેય જુગારીયાઓ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી તમામને જેલ હવાલે કરી દીધા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી શ્રી ડૉ. જયેશ સોલંકી એક સપ્તાહની તાલિમ માટે ગયા છે.

● ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પડુસ્મા ગામનો યુવાન કાશ્મીર સરહદે શહીદ થતાં તેના પરિવારજનોને આજે કોંગ્રેસ સમિતિ દ્વારા રૂ. ૧ લાખનો ચેક એનાયત કરાયો તે વેળાએ ધારાસભ્યો શ્રી શક્તિસિંહજી ગોહિલ, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચાલુ સપ્તાહમાં લોકાર્પણના કાર્યક્રમો યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

● કલોલ તાલુકાના પલિયડ ખાતે ૧૬મીએ આયુર્વેદના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

● મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત ૮૬૩૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૮૬૩.૬૮ લાખની સહાય ચુકવવામાં આવી છે.

# કલોલ તાલુકાના પલીયડ ગામ ખાતે ૧૬મીએ મેગા આયુર્વેદ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા વિનામૂલ્ય આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૯ થી ૧ કલાક દરમ્યાન કલોલ તાલુકાના પલીયડ ગામ ખાતે કરવામાં આવ્યું છે.

આ આયુર્વેદ મેગા કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધ તથા આધુનિક યુગમાં વધુ પ્રમાણમાં જોવા મળતા ડાયાબિટીસ રોગ સામે રક્ષણ મેળવવા, વા-સંધિવતા, કમરનો દુખાવો, વાળના રોગ, પથરી, પેટના દર્દી, કબજીયાત, એસીડીટી, ભુખ ન લાગવી, શ્વાસ, સ્ત્રીઓના રોગો (સફેદ પાણી પડવુ), બાળકોના રોગ, ચામડીના રોગ જેવા રોગોનું નિદાન કરવામાં આવશે. આ કેમ્પમાં આણંદ જિલ્લાના પંડોળી સરકારી આયુર્વેદ દવાખાના વૈદ્ય શ્રી નિતીનભાઈ નાયક, સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨ના આર.એમ.ઓ. વૈદ્ય શ્રી ધર્મેન્દ્ર પટેલ અને અમદાવાદની અખંડાનંદ આયુર્વેદ કોલેજના વૈદ્ય ફાલ્ગુન પટેલ દ્વારા સેવાકીય લાભ આપવામાં આવનાર છે. તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે યાદીમાં જણાવેયું છે.



## કોંગ્રેસે મનરેગા અંગે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી અને શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહની સંયુક્ત આગેવાની હેઠળ સોમવારે બપોરે સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે સે. ૬, અન્ન સુરક્ષા અધિકાર અને મનરેગાના ભાજપ સરકાર દ્વારા વિલંબિત અમલીકરણના વિરોધમાં તેમજ નાગરિકોને હક્ક અને અધિકાર મળે તે માટે સૌ કાર્યકરો ત્યારબાદ આગેવાનો મોટી સંખ્યામાં એકત્રિત થઈને સૂત્રોચ્ચાર કરી દેખાવો યોજ્યા હતા. કલેક્ટરશ્રી ગાંધીનગરને મનરેગા તેમજ અન્ન સુરક્ષા ધારાનો ત્વરિત અને અચૂક અમલવારી થાય તે માટે તેમજ ૫૪ ટકા જેટલા નાગરિકોને અન્ન સુરક્ષા અધિકાર મળ્યો નથી. મનરેગા કાયદા હેઠળ થતા કામોમાં ઘોર બેદરકારી અને ઉદાસીનતા રાજ્ય સરકાર સેવી રહી છે તે બાબતે ગુજરાતની વર્તમાન નિષ્ફળ ભાજપા સરકાર ઉપરોક્ત બંને મુદ્દા પરત્વે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરે તે માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

## આજે વિશ્વ ગ્રાહક દિન ઉજવાશે

ગાંધીનગર તા ૧૪

વિશ્વભરમાં તા. ૧૫મી માર્ચ આંતરરાષ્ટ્રીય ગ્રાહક દિન તરીકે ઉજવાય છે. આ સંદર્ભે જિલ્લા કોંગ્રેસના ગ્રાહક સુરક્ષા સેલ દ્વારા ગાંધીનગર જિલ્લા તાલુકા તેમજ દહેગામ, માણસા, કલોલ તાલુકાના પ્રમુખ કમલેશ જોષીએ જણાવ્યું હતું કે સુરક્ષાના સંદર્ભમાં સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ ઘડાયેલી સરકારી કાયદો બ્રિટનમાં માલ વેચાણધારો ૧૮૮૩માં ગ્રાહકોના હિતોનું રક્ષણ તેમજ અથાગ પ્રયત્ન યુએસએના રાષ્ટ્રપતિ જયોન એફ કેનેડીએ માનવ અધિકાર પ્રસ્તાવને ખાસ મહત્વ આપ્યું તેમજ ૧૫મી માર્ચ ૧૯૬૨ના રોજ ગ્રાહક સુરક્ષા અમલીકરણ કરાવ્યું આથી આજે આપણે ૧૫મી માર્ચને 'વિશ્વ ગ્રાહક દિન' તરીકે ઉજવીએ છીએ.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ચરખા ઉત્પાદન કેન્દ્રના સંચાલકની કરપીણ હત્યા

અમદાવાદ, તા.૧૪

શહેરના ગાંધી આશ્રમ સામે આવેલા ગુજરાત ખાદી ગ્રામ્ય ઉદ્યોગ ભંડારમાં હત્યા થઈ હોવાનો બનાવ બન્યો હતો. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી જવા પામી હતી. આ ઘટનામાં ચરખા ઉત્પાદન કેન્દ્રના સંચાલકની હત્યા કરાયેલી મૃતદેહ મળી આવ્યો હતો આ ઘટનાની જાણ રાણીપ પોલીસને કરતાં ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ સહિત તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ અંગે રાણીપ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો મુજબ, શહેરના ગાંધી આશ્રમ સામે આવેલ ગુજરાત ખાદી ગ્રામ્ય ઉદ્યોગ ભંડાર આવેલું છે. ગ્રામ્ય ઉદ્યોગમાં ચરબા ઉત્પાદન કેન્દ્રના સંચાલક વશરામ પટેલની હત્યા કરેલી હાલતામાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ રાણીપ પોલીસને કરતાં ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી.

જો કે આ ઘટનાને પગલે ટ્રાફિક જામની સમસ્યા સર્જાયો હતો. રાણીપ પોલીસે એફ એસ એલની મદદથી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બે ત્રણ પહેલા વશરામ પટેલની હત્યા કરીને મૃતદેહને દાટી દેવામાં આવ્યું હતું.

## દહેગામ ખાતે ૨ એપ્રિલે લોકસંવાદ સેતુ

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ તા. ૨ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે દહેગામ તાલુકા સેવા સદન ખાતે યોજાનાર છે. લોક સંવાદ સેતુ માટેના પ્રશ્નો અરજદારો તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬ સુધીમાં મામલતદાર કચેરીમાં રજુ કરવાના રહેશે તેવું દહેગામ મામલતદારશ્રીએ જણાવ્યું છે.

# માર્ચ અંત સુધીમાં વર્ગ-૩ના ૩ હજાર કર્મચારીઓની ભરતી જાહેરાત પ્રસિધ્ધ થશે

ગાંધીનગર, તા.૧૪

આગામી બે વર્ષમાં ગુજરાત સરકારની વિવિધ વિભાગોની ઓફિસોમાં કર્મચારીઓની મોટી ઘટ પડનાર છે આ ઘટને પુરી કરવા રાજય સરકારે એકશન પ્લાનથી કમર કસી છે. આગામી બે વર્ષમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી પડતી આશરે ૬૭ હજાર જેટલી જગ્યાઓની ભરતી વર્ષ ૨૦૧૭ સુધીમાં કરાશે તે માટે સરકારે અત્યારથી ભરતી પ્રક્રીયા હાથ ધરી છે જેના કારણે લગભગ દર રવિવારે વિવિધ હોદ્દાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાઈ રહી છે. આ સાથે પોલીસ ખાતામાં પણ વિવિધ જગ્યાઓની ભરતીઓ માટે કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે.

**બિન સચિવાલય કલાર્ક તથા ઓફિસ આસીસ્ટન્ટની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે : ૨૦૧૬માં નિવૃત્ત થતા કર્મચારીઓની સંખ્યા વધુ : આગામી બે વર્ષમાં રાજય સરકાર ૬૭ હજાર જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા યોજશે**

એક તરફ દેશભરમાં રોજગારી આપવામાં ગુજરાત નં. ૧ સ્થાને હોવાના અહેવાલો પ્રગટ થયા છે. બીજી તરફ આગામી બે વર્ષમાં સરકારી ખાતાઓમાં નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓની સંખ્યા વધુ હોવાથી વિવિધ વિભાગોની ઓફિસોમાં કર્મચારીઓની મોટી ઘટ પડવા જઈ રહી છે. આ ઘટને ધ્યાનમાં રાખીને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી પ્રક્રિયાને વેગવંતી બનાવી છે. આગામી સમયમાં આશરે ૩ હજાર જેટલા બિનસચિવાલય કલાર્ક તથા ઓફિસ આસીસ્ટન્ટ માટેની ભરતી પ્રક્રિયા યોજાશે. વર્ષ ૨૦૧૭ સુધીમાં સરકારના જુદા જુદા વિભાગોના કાર્યાલયોમાં ખાલી પડતી જગ્યાઓ તુરંત ભરાય તે માટે ઝડપી પગલા હાથ ધર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં મહેસુલી તલાટીની ૨૫૬૦ જગ્યા માટે આશરે ૯.૩૩ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. તદુપરાંત પછીના રવિવારોએ ક્રમશઃ જુનિયર આસીસ્ટન્ટ અને જુનિયર ફાર્માસ્ટિસ્ટની પરીક્ષાઓ પણ યોજવામાં આવી હતી. આમ દર રવિવારે કોઈને કોઈ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ રહી છે તેવો માહોલ ખડો થયો છે.

આગામી મે જુન માસમાં સચિવાલય અને બિનસચિવાલય કર્મચારીઓનો મોટો જથ્થો નિવૃત્ત થઈ રહ્યો છે. આ ઉપરાંત અત્યારે દર મહિને નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓની સંખ્યા પણ સારી એવી છે. ૨૦૧૬ના અંત સુધીમાં સરકારી ઓફિસો ખાલી હોય તેવી સ્થિતિ સર્જાય તેમ છે આથી સરકારે ભરતી પ્રક્રિયાને તેજ બનાવી છે વળી પોલીસ ખાતામાં પણ મોટા પ્રમાણમાં પીએસઆઈ, એએસઆઈ તથા કોન્સ્ટેબલની જગ્યાઓ ખાલી હોવાથી પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જો કે રાજયમાં હજુ પણ લાખોની સંખ્યામાં ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષામાં સામેલ થઈ રહ્યા છે તેથી તમામ ભરતી પ્રક્રિયા જેટલી ઝડપી અને પારદર્શક રીતે યોજાય તે એટલું જ જરૂરી બન્યું છે.




મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે વિધાનસભા પોડિયમમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાની ૧૫૦૦ જેટલી ગ્રામીણ નારીશક્તિએ મુલાકાત લીધી હતી. રાજ્ય મહિલા સુરક્ષા સમિતિના ઉપક્રમે આ ગ્રામીણ બહેનો વિધાનગૃહની કાર્યવાહી જોવા ગાંધીનગરના પ્રવાસે આવી હતી અને વિધાનસભા જોયા બાદ મુખ્યમંત્રીશ્રીની તેમણે મુલાકાત લઈ સમૂહ તસવીર લીધી હતી. મુખ્યમંત્રીશ્રીને વિધાનસભા પોડિયમમાં મળનારા નાગરિકો-પ્રજાજનોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જ રહી છે અને શ્રીમતી આનંદીબહેન પણ સહજભાવે સૌને મળીને તેમની જિજ્ઞાસા સંતોષે છે. મુખ્યમંત્રીશ્રીને આજે આ ગ્રામીણ નારીશક્તિ ઉપરાંત અમદાવાદના નિકોલ વિસ્તારના નાગરિક ભાઈ-બહેનો, વડોદરા મહાનગર અને ભાવનગરની બહેનો પણ વિધાનસભાની કામગીરી જોયા બાદ પોડિયમમાં મળ્યા હતા. આ વેળાએ ધારાસભ્યો શ્રીમતી વિભાવરીબહેન, શ્રી જગદીશભાઈ પંચાલ, રાજેન્દ્રભાઈ ત્રિવેદી વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

જાગો ગ્રાહક જાગો
ગ્રાહક જાગૃતિ અભિયાન




"વિશ્વ ગ્રાહક દિન"
૧૫મી માર્ચ-૨૦૧૬

"જીવાણુંનાશકોને વાનગીઓની યાદીમાંથી દૂર કરો"

ગ્રાહકના અધિકારો
✓ સલામતીનો
✓ માહિતી મેળવવાનો
✓ પસંદગીનો
✓ ફરિયાદ કરવાનો
✓ વળતર મેળવવાનો
✓ શિક્ષણ મેળવવાનો

ગ્રાહકોની ફરજો
- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે.
- બિલ/રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો.
- એગમાર્ક, એફપીઓ, અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો.
- હોલમાર્કવાળા આભુષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો.
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો.
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેક્ટર કચેરી)નો અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો. ફોન : ૦૭૯ ૨૩૨૧૦૦૧૫

આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો
અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર.
સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)